| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૨.૦° સે. | ૨૩.૦° સે. |
| આહવા | ૩૫.૦° સે. | ૧૯.૦° સે. |
| વલસાડ | ૩૨.૦° સે. | ૨૨.૦° સે. |
| વાપી | ૩૨.૦° સે. | ૨૨.૦° સે. |

### કેટલાક શખ્સોએ બિનઅનુમતિપૂર્વક જેસીબીની મદદથી રસ્તા પરના સ્પીડ બ્રેકરો તોડી નાખ્યા

## સ્પીડ બ્રેકર તોડી બનાવ્યો 'ડેથ ટ્રેક'!

**ડાભેલ**-આસણા રોડ પર રહીશોમાં ભય અને રોષનો માહોલ

**રહીશોની** તલાટી કમ મંત્રી અને સરપંચને લેખિત રજૂઆત કરીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ



નવસારીઃ ડાભેલ-આસણા મુખ્ય માર્ગ પર નાના આસણા વિસ્તાર પાસે બનેલી ચોંકાવનારી ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચિંતા ફેલાવી છે. કેટલાક શખ્સોએ બિનઅનુમતિપૂર્વક જેસીબીની મદદથી રસ્તા પરના સ્પીડ બ્રેકરો તોડી નાખતા હવે આ માર્ગ 'ડેથ ટ્રેક' સમાન બની ગયો છે. વાહનો પૂરઝડપે દોડતા હોવાથી અકસ્માતનો ભય દિવસેને દિવસે વધતો જાય છે.

ટેકરા પર આવેલો આ વિસ્તાર પહેલાથી જ સંવેદનશીલ ગણાય છે, કારણકે રોડ પરથી આવતા વાહનો દૂરથી દેખાતા નથી. અહીં આશરે 50થી વધુ લોકો વસે છે, જેમાં બાળકો અને વડીલોની સંખ્યા વધુ હોવાથી જોખમ અનેકગણું વધી ગયું છે. અગાઉ સ્પીડ બ્રેકર હોવાથી વાહનોની ગતિ નિયંત્રિત રહેતી હતી, પરંતુ હવે તે દૂર થતાં પરિસ્થિતિ બેકાબૂ બની ગઈ છે.

ઘટનાના પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. રહીશોએ તલાટી કમ મંત્રી અને સરપંચને લેખિત રજૂઆત કરીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. સાથે જ તાત્કાલિક નવા સ્પીડ બ્રેકર બનાવવાની પણ માંગ કરવામાં આવી છે.

હાલ સ્થિતિ એવી છે કે રસ્તા પર કોઈપણ ક્ષણે ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે. રહીશોએ તંત્રને ચેતવણી આપી છે કે જો સમયસર પગલાં નહીં લેવાય તો મોટી દુર્ઘટના થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

### સુરતથી ફરવા આવેલા ઈસમો બિલપુડીની આંબાવાડીમાંથી કેરી ચોરી ગયા

ધરમપુર : ધરમપુર તાલુકાના બિલપુડી ગામે સુરતથી ફરવા માટે આવેલાં યુવાનોએ આંબાની વાડીમાંથી ખાવા માટે 50 જેટલી કેરીની ચોરી કરતાં ગ્રામજનોએ ઝડપી પાડી પોલીસને હવાલે કરતાં ચકચાર મચી જવા પામી હતી. સુરત શહેરનાં ચારથી પાંચ જેટલાં યુવાનો ધરમપુરમાં ફરવા માટે આવ્યા બાદ તેઓ બિલપુડી ગામ નજીક પસાર થતા વેળા દરમ્યાન એક આંબાવાડી નજીક ગાડી ઉભી રાખી ખાવા માટે યુવાનોએ આંબાની વાડીમાં પહોંચી 50 જેટલી કેરીઓ તોડી ત્યાંથી ભાગવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ આ કેરી ચોર યુવાનોને બિલપુડી ગ્રામજનોએ ઝડપી પાડ્યા હતા અને 112 ઉપર પોલીસને ફોન કર્યો હતો અને તમામને પોલીસ હવાલે કર્યા હતાં. બાદ પોલીસે કેરી ચોરીનો ગુનો દાખલ કરી જેલમાં ધકેલી દેતાં ચોરી કરનારાં તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

## ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકામાં ભાજપ માટે 'ઉમેદવાર સંકટ'

**આંતરિક** વિખવાદ અને પક્ષપલટાએ સમીકરણો બદલ્યા

સાપુતારા : ડાંગ જિલ્લામાં. પોતાને વિશ્વની સૌથી મોટી પાર્ટી ગણાવતી ભાજપ માટે વઘઇ તાલુકામાં સ્થિતિ ચિંતાજનક બની છે. જિલ્લા પંચાયતની બરડા, સાકરપાતળ અને કોસીમદા જેવી બેઠકો પર મજબૂત ઉમેદવારો ન મળતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ભાજપ માટે આ કપરા ચઢાણ પાછળનું મુખ્ય કારણ નવરચિત જિલ્લા સંગઠન હોવાનું મનાય છે. આરોપ છે કે વર્ષોથી પક્ષ માટે મથનારા આદિવાસી કાર્યકર્તાઓને અવગણીને બિન-આદિવાસી નેતાઓને મહત્વના હોદ્દાઓ સોંપાયા છે. આ ઉપરાંત, જિલ્લા પ્રમુખ અને ધારાસભ્યના જૂથો વચ્ચેની ખેંચતાણને કારણે સંગઠન નબળું પડ્યું છે. સેન્સ પ્રક્રિયા દરમિયાન જમીની સ્તરે પ્રભાવ પાડી શકે તેવા ચહેરાઓની અછત વર્તાઇ રહી છે.

ભાજપ માટે સૌથી મોટો ફટકો માજી ધારાસભ્ય મંગળ ગાવિતની કોંગ્રેસમાં ઘર વાપસી છે. તેમની સાથે આહવા અને સુબિર પટ્ટીના નેતાઓ પણ કોંગ્રેસમાં જોડાતા ભાજપ માટે 'અમંગળ' જેવી સ્થિતિ સર્જાઇ છે. કોંગ્રેસના આ ગઢમાં મંગળ ગાવિતની લોકપ્રિયતા ભાજપના વિજય રથને રોકી શકે તેમ છે. પક્ષમાં ચાલી રહેલા વિવાદો વચ્ચે એક જ પરિવારના બે સભ્યો દ્વારા ઉમેદવારી નોંધાવતા સંઘર્ષ તીવ્ર બન્યો છે. જો ટિકિટ ફાળવણીમાં સ્પષ્ટ માપદંડ નહીં જળવાય, તો બળવાખોરી થવાની શક્યતા નકારી શકાતી નથી.

વઘઇ, સુબિર અને પૂર્વપટ્ટી વિસ્તારમાં ભાજપ માટે આ ચૂંટણી 'લોઢાના ચણા ચાવવા' જેવી સાબિત થશે. વિરોધ પક્ષો માટે આ વિખવાદ 'સોનેરી તક' સમાન છે, ત્યારે જોવાનું એ રહે છે કે ભાજપ હાઇકમાન્ડ આ ડેમેજ કંટ્રોલ કેવી રીતે કરે છે.

### ડાંગ જિલ્લો અને ગણદેવી તાલુકામાં આચારસંહિતાનો અમલ

સાપુતારા




ગીરીશ ભોયે

બીલીમોરા



કેરસી બારીયા

સાપુતારા, બીલીમોરા : રાજ્યમાં 'આદર્શ આચાર સંહિતા' નો અમલ થાય તે સુનિશ્ચિત કરાયું છે. ડાંગ જિલ્લા ચૂંટણી અધિકારી શાલિની દુહાનના વડપણ હેઠળ માર્ગો ઉપર પ્રદર્શિત કરાયેલા હોર્ડિંગ્સ, બેનર્સ ઉતારી લેવામાં આવ્યા છે. કાર્યપાલક ઇજનેર કેતન કુકણા તથા સહાયક માહિતી નિયામક મનોજ ખેંગારની ટીમે ૧૯ સ્થળેથી હોર્ડિંગ્સ, બેનર દૂર કર્યા છે. ગણદેવી તાલુકાની ૬૫ ગ્રામપંચાયતમાં ૧૪૦ અને ગણદેવી નગરપાલિકા વિસ્તારમાં ૨૦ રાજકીય પક્ષોની પ્રસિદ્ધિ કરતા હોર્ડિંગ્સ, પોસ્ટર, બેનરો અને ભીંતસૂત્રો હટાવવાની કામગીરી કરાઇ હતી.મામલતદાર દિપીકા રોઝ, ટીડીઓ ચેતન દેસાઈ, ચીફ ઓફીસર પ્રાચી દોશી સહિતની ટીમ કામગીરી કરી રહી છે.

## નવસારીમાં 14 PIની બદલીથી તંત્રમાં નવી ગતિ

**આ** બદલીઓમાં અનેક અધિકારીઓને લીવ રિઝર્વમાંથી કાઢી મહત્વપૂર્ણ પોલીસ સ્ટેશનોમાં જવાબદારી સોંપવામાં આવી

નવસારી : જિલ્લા પોલીસ તંત્રને વધુ ચુસ્ત અને અસરકારક બનાવવા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ દ્વારા મહત્વપૂર્ણ વહીવટી પગલું ભરવામાં આવ્યું છે. જાહેરહિત અને કાર્યક્ષમતાને પ્રાથમિકતા આપતા કુલ 14 પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરિક બદલી કરવામાં આવતા સમગ્ર પોલીસ બેડામાં નવી ઉર્જા અને ગતિ જોવા મળી રહી છે.

આ બદલીઓમાં અનેક અધિકારીઓને લીવ રિઝર્વમાંથી કાઢી મહત્વપૂર્ણ પોલીસ સ્ટેશનોમાં જવાબદારી સોંપવામાં આવી છે. કે.ડી. નકુમને નવસારી ટાઉન, પી.બી. પટેલિયાને ચીખલી અને આર.એસ. પટેલને એસ.ઓ.જી.માં મુકાતા ક્રાઈમ કંટ્રોલ વધુ મજબૂત બનશે તેવી અપેક્ષા છે. બીજી તરફ એન.આઈ. રાઠોડને વિજલપોરથી ગણદેવી ખસેડવામાં આવ્યા છે, જ્યારે એસ.એસ. પવારને વિજલપોર પોલીસ સ્ટેશનનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

મહિલા સુરક્ષાને ધ્યાનમાં રાખીને વી.કે. ઉંજીયાને મહિલા પોલીસ સ્ટેશનમાં નિયુક્ત કરી IUCAWના કેસોની વધારાની જવાબદારી સોંપવામાં આવી છે, જે સંવેદનશીલ મામલાઓમાં ઝડપી કાર્યવાહી માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ઉપરાંત એન.એમ. ચૌધરીને એલ.આઈ.બી.માં અને એમ.કે. ગોસ્વામીને AHTUમાં મુકાતા વિશેષ શાખાઓને પણ વધુ મજબૂતી મળશે.

## નવસારી કોંગ્રેસ વિવાદ શાંત કરવા 'સંકલન સમિતિ'નો સહારો

**નિરીક્ષકોએ** અસંતોષ શાંત કર્યો છતાં અંદરના મતભેદો સંપૂર્ણપણે દૂર થયા છે કે નહીં તે અંગે સવાલો યથાવત

નવસારીઃ શહેર કોંગ્રેસમાં લાંબા સમયથી ઉકળતા આંતરિક વિવાદો હજુ સંપૂર્ણપણે શમ્યા નથી. શહેર પ્રમુખની નિમણૂક બાદ ઊભેલા અસંતોષે સંગઠનની અંદરની ફાટને બહાર લાવી દીધી છે, જેને કાબૂમાં લેવા હવે 'સંકલન સમિતિ'નો સહારો લેવાયો છે.

માહિતી મુજબ, શહેર પ્રમુખની પસંદગી સામે નારાજગી વ્યક્ત કરતા 20થી વધુ કાર્યકરો અને અગ્રણીઓએ રાજીનામા આપ્યા હતા. આ ઘટનાએ પક્ષની અંદર ગંભીર અસંતોષ અને જૂથબાજી હોવાનો સંકેત આપ્યો હતો. આવનારી નગરપાલિકા ચૂંટણી પહેલા આ પરિસ્થિતિ પક્ષ માટે ચિંતાજનક બની રહી છે.

પરિસ્થિતિ કાબૂમાં લેવા પ્રદેશ નેતૃત્વને હસ્તક્ષેપ કરવો પડ્યો હતો. સુરતથી નિરીક્ષકોને નવસારી મોકલી નારાજ જૂથ સાથે બેઠકો યોજાઈ હતી. લાંબી ચર્ચાઓ બાદ તાત્કાલિક રીતે અસંતોષ શાંત કરાયો હોવા છતાં અંદરના મતભેદો સંપૂર્ણપણે દૂર થયા છે કે નહીં તે અંગે સવાલો યથાવત છે.

ટિકિટ વિતરણમાં પક્ષપાતના આક્ષેપોને ધ્યાનમાં રાખીને 'સંકલન સમિતિ' બનાવવાનો નિર્ણય લેવાયો છે. આ સમિતિ 13 વોર્ડની 52 બેઠકો માટે ઉમેદવારો નક્કી કરશે, પરંતુ આ નિર્ણય પાછળ પણ આંતરિક અવિશ્વાસ છુપાયેલો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

સમિતિમાં શહેર પ્રમુખ દીપક બારોટ, કાર્યકારી પ્રમુખ રાજન જોશી તેમજ નારાજ જૂથના અગ્રણીઓ ધર્મેશ માલી, નીરવ નાયક અને પ્રવીણ દેસાઈને સ્થાન આપીને સંતુલન સાધવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, પરંતુ આ ગોઠવણ તાત્કાલિક ઉપાય છે કે લાંબા ગાળાનો ઉકેલ તે જોવાનું રહ્યું.

### નવસારીમાં AAPએ ઉમેદવારોની યાદી જાહેર

નવસારીઃ નગરપાલિકા ચૂંટણીને લઈને શહેરમાં રાજકીય ચહલપહલ તેજ બની રહી છે. આમ આદમી પાર્ટી (AAP) દ્વારા નવસારીના વિવિધ વોર્ડ માટે ઉમેદવારોની સત્તાવાર જાહેરાત કરતા ચૂંટણી માહોલમાં વધુ ગરમાવો આવી ગયો છે. જાહેર કરાયેલી યાદી મુજબ વોર્ડ નં. 1માં સુરેશ પાંડેને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. વોર્ડ નં. 2માં મહેશ બાસ્ટીકર, કંચનબેન બાંભણીયા અને ગોપીભાઈ ઠાકુરને તક આપવામાં આવી છે. વોર્ડ નં. 3માં મહેશ મોરે અને હંશાબેન વાલોદરા, જ્યારે વોર્ડ નં. 4માં નમીરા બીબી ઉસ્માની અને નાયકા હિતેશને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. વોર્ડ નં. 5માં કેતનકુમાર કટારીયા અને બીલીના શેખ, તેમજ વોર્ડ નં. 6માં વસીમહુસેન પાનવાળા, અસમાં બાપુ શેખ અને મયુરકુમાર પટેલને ટિકિટ આપવામાં આવી છે. ઉપરાંત વોર્ડ નં. 8માં દિપક સતીશ શર્મા, વોર્ડ નં. 9માં રમેશ નાયક અને વોર્ડ નં. 10માં ઉમાકાંત શિમ્પીને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. વોર્ડ નં. 11માં અનિલ કુમાર ભદૌરિયા અને રિતેશ પરમાર, વોર્ડ નં. 12માં શશીકાંત હળપતિ તથા વોર્ડ નં. 13માં નૂર મહંમદ અને દિનેશભાઈ પટેલને ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ યાદી જાહેર થતાં જ નવસારીમાં રાજકીય ગરમાવો વધ્યો છે.

## નવસારીમાં ક્રૂરતાથી ઠાંસેલા ઢોર સાથે પીક-અપ ઝડપાઈ

**પોલીસે** પીક-અપ સાથે સુરતના ડ્રાઈવરને ઝડપી પાડી રૂપિયા 2.29 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

નવસારીઃ પશુઓની ગેરકાયદે હેરાફેરી સામે નવસારી રૂરલ પોલીસે કાર્યવાહી કરી છે. ઈટાળવા-સીસોદ્રા રોડ પર વાડા ગામના પાટિયા પાસે ગોઠવાયેલી ટ્રેપમાં પીક-અપ ફસાઈ ગઈ અને ચેકિંગ દરમ્યાન જે દ્રશ્ય સામે આવ્યું તે ચોંકાવનારું હતું. GJ-05-BX-8638 નંબરની પીક-અપમાં 2 ભેંસો અને 4 પાડાઓને બાંધીને ઠાંસવામાં આવ્યા હતા. આ દ્રશ્ય પશુ ક્રૂરતાની હદ પાર કરતું હોવાનું જણાતા પોલીસે કડક એક્શન લીધા હતા. ગુરુવારે રાત્રે અ.હે.કો ઘનશ્યામસિંહ દિલીપસિંહ અને તેમની ટીમે ઓપરેશનને સફળ બનાવ્યું હતુ. પોલીસે પીક-અપ સાથે ડ્રાઈવર સબ્બીર સત્તાર શેખ (ભાઠેના, સુરત)ને ઝડપી રૂપિયા 2.29 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ માત્ર એક વાહન નહીં, પણ ગેરકાયદે નેટવર્કની એક કડી હોવાનું બહાર આવ્યું છે. પશુઓ ભરાવી આપનાર ઈકબાલ ફકીરભાઈ હાથીવાલા (મંદિરગામ) અને મંગાવનાર ઈરફાન સૈયદ (સુરત)ને વોન્ટેડ જાહેર કરી ધરપકડ માટે ચક્રો ગતિમાન કરાયા છે. વધુ તપાસ પો.સબ ઈન્સ્પેક્ટર સી.એલ. મોહીતેને સોંપી છે. નવસારી રૂરલ પોલીસની આ તાબડતોબ અને તીખી કાર્યવાહીએ ગેરકાયદે ઢોર પરિવહન કરનારાઓમાં ભયનો માહોલ ઉભો કરી દીધો છે.

## પિતાની કાર નીચે આવી જતા બે વર્ષના માસૂમનું મોત

**એક** પળની બેદરકારી બની જીવનભરનો ઘા:

**છાપરા** ગામે બનેલી હૃદયદ્રાવક ઘટનાએ માનવતા હચમચાવી દીધી

નવસારીઃ છાપરા ગામે બનેલી હૃદયદ્રાવક ઘટનાએ માનવતા હચમચાવી દીધી છે, જ્યાં પિતાની અજાણતા થયેલી ભૂલ તેના જ લાડકવાયા બે વર્ષના પુત્ર માટે જીવલેણ સાબિત થઈ છે. ખોડીયારનગર સોસાયટીમાં થયેલા આ અકસ્માતે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાવી દીધી છે.

માહિતી અનુસાર, અબ્રામા ગામના નિવાસી ભાવિનભાઈ ગોવિંદભાઈ પટેલ ગત તા. 1 એપ્રિલની રાત્રે પોતાની કિયા કેરેન્સ કાર ચલાવી રહ્યા હતા. તે સમયે ગફલતભરી રીતે કાર હંકારતા તેઓ પોતાના જ પુત્ર રીશીવને અડફેટમાં લઈ બેઠા હતા. અચાનક બનેલી આ દુર્ઘટનામાં બાળકને માથા સહિત શરીરના ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

પરિવારે તરત જ બાળકને સારવાર માટે ખસેડ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન જ તેનું મોત નીપજતાં પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. ખુશીઓથી ગુંજતું ઘર એક ક્ષણમાં શોકમાં ફેરવાઈ ગયું હતું.

આ બનાવ અંગે મૃતકના મામા હાર્દિકભાઈ પટેલ દ્વારા નવસારી રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે પિતા સામે મોટર વ્હીકલ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ કેસની તપાસ પો.સબ ઈન્સ્પેક્ટર એમ.એલ. સૈયદ દ્વારા કરવામાં આવી રહી છે.

આ કરુણ ઘટના દરેક માટે ચેતવણીરૂપ છે કે વાહન ચલાવતા સમયે એક ક્ષણની બેદરકારી પણ અણધાર્યા અને દુઃખદ પરિણામો લાવી શકે છે. હાલમાં પરિવાર અને આસપાસના વિસ્તારમાં શોકની ગાઢ લાગણી છવાઈ ગઈ છે.

## કપરાડા-નાનાપોંઢામાં મોટા ગજાના નેતાઓ કે પરિવારોની દાવેદારી

**દાવેદારી** નોંધાવવા ઉમટી પડેલી ભીડ ભાજપ માટે ઉમેદવારી પસંદગી વિકટ બનાવશે

વલસાડ : સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનું બ્યૂગલ વાગી ચૂક્યું છે, ભાજપ દ્વારા ઉમેદવારોના સેન્સ લેવાઈ ચૂક્યા છે. ટૂંક સમયમાં જેતે ઉમેદવારોના નામ જાહેર કરાશે. બીજી તરફ આદિવાસી તાલુકા ધરમપુર, કપરાડા અને નવનિર્મિત નાનાપોંઢા તાલુકાઓમાં ભાજપ દ્વારા પ્રક્રિયા પૂર્ણ થઈ છે. ચૂંટણી સમિતિ દ્વારા જરૂરી પ્રક્રિયા બાદ ટૂંક સમયમાં જેતે ઉમેદવારોના નામ જાહેર કરાશે. સૂત્રોના જણાવ્યા મુજબ, જિલ્લા હોય કે તાલુકા દરેક બેઠક ઉપર 4 કે તેથી વધુ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. જોકે, ધરમપુર કપરાડા તાલુકાઓમાં સેન્સ અગાઉ મોટા ગજાના નેતાઓએ પોતાના માનિતા ઉમેદવારો જ સેન્સ પ્રક્રિયામાં ભાગ લે તે માટે દોડધામ મચાવી હતી અને તેમાં સફળ પણ થયા હતાં. જોકે સેન્સ દરમિયાન મહત્તમ બેઠકો ઉપર અચાનક ઉમટી પડેલા દાવેદારોએ તેમની તમામ ગણતરીઓ ઉંધી પાડી દીધી હતી અને નિરીક્ષકો સમક્ષ ઉપસ્થિત થઈ દાવેદારી નોંધાવી હતી. જેથી ભાજપ માટે ઉમેદવારી પસંદગી માથાનો દુખાવો સાબિત થશે. એકાદ બે બેઠકોને બાદ કરતા અન્ય બેઠકો ઉપર 3 કે તેથી વધુ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. જોકે હવે ઉમેદવારોના નામ જાહેર થાય ત્યારે સાચું ચિત્ર સ્પષ્ટ થશે.

### મહત્વની બેઠકો ઉપર કોની દાવેદારીએ ઉત્સુકતા જગાવી

નાનાપોંઢા તાલુકા બેઠક ઉપર એ.પી.એમ.સી. ચેરમેન, પૂર્વ ભાજપ સંગઠન ઉપપ્રમુખ અને સરપંચ નાનાપોંઢા મુકેશ પટેલ, નાનાપોંઢા જિલ્લા પંચાયત બેઠક ઉપર જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ અને માજી સરપંચ રમતુ ચૌધરીની ધર્મપત્ની, ખરેડી સરપંચ હિતેશ પટેલની પત્ની પ્રીતિબેન પટેલ અને નાનાપોંઢા મહિલા દૂધ ડેરીના અધ્યક્ષ કલ્પનાબેન ભીસરાએ દાવેદારી નોંધાવી હતી. તો મેઘવાળ જી.પં. બેઠક ઉપર એકમાત્ર અને બે ટર્મથી જિલ્લા પંચાયત સભ્ય ભગવાનભાઈ બાત્રી અને માંડવા જિલ્લા પંચાયત બેઠક ઉપર ગત ટર્મમાં ધરમપુર તાલુકાના આંબોસી જિલ્લા પંચાયત બેઠક ઉપરથી વિજેતા બનેલા સૌથી વધુ શિક્ષિત પ્રિયંકા દળવીએ કપરાડા માંડવા જિલ્લા પંચાયત બેઠક ઉપરથી દાવેદારી નોંધાવી છે.

## નવસારીમાં વોટ્સએપ હેક કરી પૈસા માંગતી ગેંગ ફરી સક્રિય

**નવસારી** જિલ્લામાં સાયબર ગુનેગારોના હાથે લોકો ફરી નિશાન બન્યા

**વોટ્સએપ** એકાઉન્ટ હેક કરી સગા-સંબંધીઓ પાસેથી નાણાં માંગવાની રીતથી છેતરપિંડી




નવસારી : જિલ્લામાં સાયબર ગુનેગારોના હાથે લોકો ફરી નિશાન બની રહ્યા છે. 'સાહિલ' નામથી ઓળખ આપતી ગેંગ વોટ્સએપ એકાઉન્ટ હેક કરી સગા-સંબંધીઓ પાસેથી નાણાં માંગવાની રીતથી છેતરપિંડી કરતી હોવાનું સામે આવ્યું છે. ચોંકાવનારી વાત એ છે કે માત્ર બે દિવસના ગાળામાં આવી બે અલગ-અલગ ફરિયાદો નોંધાતા નાગરિકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

જલાલપોર વિસ્તારમાં રહેતી પ્રવિણાબેન વાડદોરિયાને અજાણ્યા શખ્સે સંપર્ક કરી પોતાનું નામ 'સાહિલ' જણાવી વિશ્વાસમાં લીધા હતા. વાતચીત દરમિયાન ગઠિયાએ ચાલાકીથી OTP મેળવી લીધો અને થોડા જ ક્ષણોમાં તેમનું વોટ્સએપ એકાઉન્ટ કબજે કરી લીધું હતું. ત્યારબાદ તેમના જ નામે સંપર્કોમાં મેસેજ મોકલી તાત્કાલિક નાણાંની માંગણી શરૂ કરી દેતા છેતરપિંડીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ અંગે જલાલપોર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

આ સિવાય તાશ્કંદનગર વિસ્તારમાં પણ સમાન પ્રકારની ઘટના સામે આવી છે, જેમાં એક મહિલાને વોટ્સએપ ગ્રુપમાં ફરી જોડવાના બહાને OTP માંગવામાં આવ્યો હતો. OTP મળતા જ ઠગોએ મહિલાના વોટ્સએપ સાથે અન્ય સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પણ હેક કરી તેના ઓળખીતાઓને મેસેજ મોકલી નાણાં માંગ્યા હતા. આ મામલે નવસારી ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ ઘટનાઓથી સ્પષ્ટ થાય છે કે સાયબર ગુનેગારો નવી નવી યુક્તિઓ અપનાવી લોકોને શિકાર બનાવી રહ્યા છે. નિષ્ણાતો મુજબ, કોઈપણ અજાણ્યા વ્યક્તિ સાથે OTP શેર કરવો અત્યંત જોખમી છે. જો કોઈ ભૂલથી OTP આપી દે તો તરત જ પોતાના સંપર્કોને ચેતવણી આપવી, એકાઉન્ટ ફરીથી સેટ કરવાનો પ્રયાસ કરવો અને સાયબર હેલ્પલાઇન 1930 પર ફરિયાદ નોંધાવવી જરૂરી છે. નવસારીમાં વધતી આવી સાયબર ઠગાઈની ઘટનાઓ વચ્ચે હવે સાવચેત રહેવું સમયની માંગ બની ગઈ છે.

## અકસ્માત બાદ બસ ચાલક વૃદ્ધ રિક્ષાચાલકને મારવા પાછળ દોડ્યો

**નવસારીમાં** બનેલી ચોંકાવનારી ઘટનાએ લોકોમાં ભય અને રોષ ઉભો કર્યો



નવસારી : શહેરમાં જાહેર માર્ગ પર બનેલી એક ચોંકાવનારી ઘટનાએ લોકોમાં ભય અને રોષ ઉભો કર્યો છે. સિટી બસ અને રિક્ષા વચ્ચે થયેલી સામાન્ય અથડામણ બાદ મામલો એટલો બગડ્યો કે બસ ચાલક ગુસ્સે ભરાઈ વૃદ્ધ રિક્ષાચાલક પર લોખંડના પાઈપ સાથે હુમલો કરવા દોડી ગયો હતો.

દરજી પંચ વાડી નજીક સિટી બસ અને રિક્ષા વચ્ચે હળવો અકસ્માત થયો હતો. અકસ્માત બાદ બંને વચ્ચે બોલાચાલી શરૂ થઈ, પરંતુ થોડી જ વારમાં વાત ઉગ્ર બની ગઈ. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, બસ ચાલકે પોતાનો કાબૂ ગુમાવી બસમાંથી લોખંડનો પાઈપ કાઢી વૃદ્ધ રિક્ષાચાલકને મારવા પ્રયાસ કર્યો હતો.

સ્થળ પર હાજર લોકોએ દખલ કરી પરિસ્થિતિને કાબૂમાં લીધી અને મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાના સમયે રસ્તા પર ભીડ ભેગી થઈ ગઈ હતી અને થોડો સમય માટે તણાવભર્યું વાતાવરણ સર્જાયું હતું. બાદમાં લોકોના સમજાવટથી બસ ચાલક ત્યાંથી નીકળી ગયો હતો.

આ ઘટનાએ શહેરમાં અનેક સવાલો ઊભા કર્યા છે. લોકોમાં ચર્ચા છે કે જાહેર પરિવહન સાથે સંકળાયેલા ચાલકો જો આ રીતે આક્રમક વર્તન કરશે તો સામાન્ય નાગરિકોની સુરક્ષા કેવી રીતે સુનિશ્ચિત થશે?

સ્થાનિકોમાંથી અવાજ ઉઠી રહ્યો છે કે આવા બેફામ ચાલકો સામે કડક કાર્યવાહી થવી જોઈએ અને સિટી બસ સેવા પર યોગ્ય નિયંત્રણ લાવવામાં આવે. આ ઘટનાએ નવસારીમાં જાહેર સલામતી અને શિસ્ત અંગે ફરી એકવાર ગંભીર ચર્ચા ઉભી કરી છે.

## દેહરીની મતદાર યાદીમાં થયેલી ભૂલ સુધારવા તંત્ર હરકતમાં

**દહાડ** તા.પં. ઉમરગામની મતદાર યાદીમાં દેહરીના જતા રહેલા 1400 થી વધુ મતદારોનો ફરી સમાવેશ કરવા તલાટીનો મામલતદારને રિપોર્ટ

ઉમરગામ : ઉમરગામ તાલુકાના દેહરી ગામના ભંડારવાડ, પતરાગઢ, રામવાડી ભીંડીયા અને બગરિયા ફળિયાના અંદાજે 1400 થી પણ વધુ મતદારોના નામ 3-દહાડ તાલુકા પંચાયત ઉમરગામ બેઠકની મતદાર યાદીના ભાગ નંબર 4/11 અને 5/11 મા જતા રહ્યા હોય આ ગંભીર ભૂલ સુધારવા દેહરી મતદાર યાદીમાં નામો પરત દાખલ કરવા ગ્રામ પંચાયતના સરપંચ ધનેશભાઈ સહિત આગેવાનોએ ઉમરગામના મામલતદારને રજૂઆત કરી હતી.

આ તરફ 1400 મતદારોના નામો સામી જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણીએ નીકળી જતા મતદારો તથા રાજકીય પક્ષો અને ઉમેદવારો ચિંતામાં મુકાઈ ગયા હતા. અને પરિણામ ઉપર પણ મોટી અસર થઈ શકે તેવી ચિંતા દરેકને સતાવવા લાગી હતી. મતદાર યાદીમાં થયેલી ભૂલ સુધારવા રજૂઆત બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું. અને દેહરી ગામના તલાટીએ સ્થળ પર જઈ પંચકેશ કરી જવાબો તૈયાર કરી 3-દહાડ તાલુકા પંચાયત ઉમરગામની મતદાર યાદીના ભાગ નંબર 4/11 અને 5/11 મા જતા રહેલા મતદારો દેહરી ગામના ભંડારવાડ, પતરાગઢ, રામવાડી ભીંડીયા અને બગરિયા ફળિયાના હોય આ નામો દેહરીની મતદાર યાદીમાં દાખલ કરવા મામલતદારને રિપોર્ટ મોકલ્યો છે.